
For Private Circulation Only


વર્ષ ૪, અંક ૩ મે ૨૦૧૧

શ્રી રામચંદ્ર મિશન®

India ECHOES
ONE WORLD ONE HUMANITY

# પંજાબનો પ્રવાસ





## ચંદીગઢ

૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂ.માસ્ટરે તેમની યાત્રા દિલ્હીથી રોડમાર્ગે શરૂ કરી. તેમણે કર્નાલ નજીક, થોડા સમય માટે રોકાણ કર્યું, જ્યાં આતુર અભ્યાસીઓનું જૂથ તેમનું સ્વાગત કરવા તૈયાર ઊભું હતું. ચંદીગઢ આવતાં ૧૦૦થી પણ વધારે અભ્યાસીઓ અને બાળકોએ તેમનું સ્વાગત કર્યું. છ કલાકની મોટરકારની મુસાફરી કરીને આવ્યા હોવા છતાં પણ પૂ.માસ્ટરે એક અભ્યાસીના ઘરનું ઉદઘાટન કર્યું અને ત્યાં સત્સંગ કરાવ્યો.

૨૮મી ફેબ્રુઆરી તેમજ તેના પછીના દિવસે, પૂ.માસ્ટર સવારે બહાર આવ્યા અને તેમણે એક કલાક સુધી અભ્યાસીઓના પ્રશ્નોનાં જવાબ આપ્યાં. તે વાર્તાલાપ હળવો રહ્યો અને કાયમની જેમ, પૂ.માસ્ટર તેમની વિનોદવૃત્તિ અને વિદ્વત્તાથી સૌને હસાવતા રહ્યા.

## લુધિયાણા

૧લી માર્ચે લુધિયાણા આવ્યા પછી, પૂ.માસ્ટરે અભ્યાસીઓની સાથે વાતચીત કરી અને સત્સંગ કરાવ્યો. બીજે દિવસે, લુધિયાણામાં આશ્રમના સ્થળ પર સત્સંગ કરાવ્યા પછી તેમણે શિલારોપણ વિધિ કરી. તેમણે તેમના વક્તવ્યમાં તેમની પંજાબ પ્રત્યેની પ્રીતિ વ્યક્ત કરી અને તેમણે કેટલાંક શબ્દો પંજાબીમાં પણ કહ્યા. તેમણે કહ્યું કે જે લોકો આશ્રમ નથી આવતા, તેમને માટે હું એક શબ્દ કહું છું, "તુસ્સી બેવકૂફ" (તમે બેવકૂફ છો) અને પછી તેમણે કહ્યું, "નાલ આ જા" (મારી સાથે આવો). પૂ.માસ્ટરે કેટલીક બાબતો વિશે કહ્યું:

- અભ્યાસીઓએ આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે ગુરુજી શા માટે વારંવાર મુલાકાતે આવે છે? તેનો હેતુ શું છે?
- એક પથ પર ચાલવા માટે આપણે બીજો પથ ત્યજી દેવો પડે છે. મારે તરવું હોય, તો હું સૂકો ન રહી શકું; હું પૃથ્વી પર ઊભો રહીને ઉડી ન શકું. જો મારે એક અસ્તિત્વ પામવું હોય, તો મારે બીજું અસ્તિત્વ છોડવું જ પડે.
- ધર્મમાં ઈશ્વર નથી અને તે સત્ય છે.
- બીજાંઓ માટે પ્રાર્થના કરવી સ્વીકાર્ય છે પરંતુ પોતાના માટે પ્રાર્થના કરવી એ ભીખ છે.

પછી પૂ.માસ્ટર ભોજન માટે ચંદીગઢ પાછા ગયા.

## ચંદીગઢ

૩જી માર્ચે પૂ.માસ્ટરે ટાગોર થિયેટર ખાતે સત્સંગ કરાવ્યો. ત્યાં સમગ્ર ઝોનમાંથી ૬૦૦ કરતાં પણ વધારે અભ્યાસીઓ એકત્રિત થયાં હતાં. પોતાના પ્રિય ગુરુજી સાથે હોવાથી તેઓ ખુશખુશાલ થઈ ગયાં હતાં. ભાઈ સતબીર અને ભાઈ હરભજન સીંઘના ટૂંકા વક્તવ્ય પછી ભાઈ ગુરપ્રીતના હ્રદયસ્પર્શી ભજનોની રજૂઆત થઈ. બીજે દિવસે, પૂ.માસ્ટર લગભગ એક કલાક તડકે બેઠા અને તેમણે અભ્યાસીઓના ઘણાં પ્રશ્નોના જવાબ આપ્યા, તેથી રાહ જોઈ રહેલાં અભ્યાસીઓ ખુશ થઈ ગયાં. સાંજે તેઓ ફરીથી બહાર આવ્યા અને સત્સંગ કરાવ્યો.

પાંચમીએ વહેલી સવારે નાસ્તો કર્યા પછી પ્રિય માસ્ટર જ્યારે દિલ્હી જવા જઈ રહ્યા હતા, ત્યારે અભ્યાસીઓનો એક મોટો સમુદાય તેમને વિદાય આપવા ભેગો થયો હતો અને સૌના હ્રદયમાં એ જ આશા હતી કે તેઓ માસ્ટરને ફરીથી, જલદી આવકારે. પૂ.માસ્ટર કર્નાલ ખાતે રોકાયા, ત્યાં સત્સંગ કરાવ્યો અને પછી દિલ્હી જવા રવાના થયા.









પૂ.માસ્ટરના પ્રવાસ દરમિયાન કહેલાં કેટલાંક ડહાપણનાં મોતી:

- અતૃપ્ત ઝંખનાઓથી ક્રોધ પેદા થાય છે; ક્રોધ મનને ઘેરી વળે છે, તેથી તેનું વિચારવાનું બંધ થાય છે અને તે સ્વવિનાશને વહોરી લે છે.
- આનંદ એ મનની એક અવસ્થા છે, જેમાં તમે બાહ્ય દુનિયાથી મુક્ત હો છો.
- શ્રદ્ધા મનને ખોલે છે અને પૂર્વગ્રહ તેને બંધ કરે છે.
- પ્રેમ એ એકતરફી માર્ગ છે, જે હૃદયમાંથી નીકળે છે અને અનંતતા તરફ જાય છે.
- અનેક જિંદગીઓ પછી આત્મીય સાથી મળવાની પ્રક્રિયાની પરિસીમા એટલે સાચું લગ્ન.
- પ્રેમથી જે કંઈ કરીએ, તેનાથી દરેક મુશ્કેલીઓ દૂર થાય છે.
- કોઈએ પૂછ્યું, કે ઈચ્છાશક્તિ કેવી રીતે કામે લગાવવી, પૂ.માસ્ટરે કહ્યું, "જ્યારે તમે તે કામે લગાવવાનું શરૂ કરશો, ત્યારે જ તમને તફાવત જણાશે. જો ઈચ્છાશક્તિ નબળી હશે, તો ઈચ્છા પ્રબળ બનવા લાગશે. શિસ્તથી ઈચ્છાશક્તિ અને ઈચ્છાઓમાં સંતુલન આવે છે. ઈચ્છાશક્તિ હૃદયમાંથી આવે છે, મનમાંથી નહીં. ઈચ્છાશક્તિને કોઈ દિશા ન હોવાથી આપણને કાયમનું જોખમ હોય છે. તેને દિશા સફાઈથી મળે છે.

## રાયપુર

સાંજે ૭:૪૦ વાગે રાયપુર એરપોર્ટ પર પૂ.માસ્ટરને સત્કારવાથી અભ્યાસીઓ ખુશ થઈ ગયા હતા. ત્યાંથી તેઓ નવા બાંધેલા યોગાશ્રમ પર ગયા. આશ્રમ પહોંચ્યા, ત્યારે તેમને ખૂબ જ શિસ્ત અને પ્રેમનો ઉષ્માભર્યો આવકાર મળ્યો. લગભગ રાત્રે દસ વાગે, તેઓ ઓફિસની બહાર આવ્યા અને અડધા કલાક સુધી અભ્યાસીઓની વચ્ચે બેઠા. ૮મીએ સવારે પૂ.માસ્ટર કામચલાઉ મેડિટેશન હૉલ પર આવ્યા અને સવારના લગભગ ૮.૩૦ વાગે સત્સંગ કરાવ્યો. સત્સંગ પછી, તેઓ આશ્રમમાં ગોલ્ફ-કાર્ટમાં ફર્યા અને જે કામ થયું હતું, તેનાથી ખુશ થયા.

૯મી માર્ચની બહુ આતુરતાથી રાહ જોવાઈ રહી હતી અને છત્તીસગઢ અને આજુબાજુના રાજ્યોમાંથી લગભગ ૨૦૦૦ અભ્યાસીઓ ભેગાં થયાં હતાં. પૂ.માસ્ટરે સ્થાપના તકતીનું અનાવરણ કર્યું અને ૯૬૦૦ ચો.ફૂટનો બનેલો સુંદર મેડિટેશન હોલ જોઈને તેઓ અત્યંત ખુશ થઈ ગયા. હોલની એકે એક વિગત, તેમજ બાંધકામની ગુણવત્તા ખૂબ જ જોવાલાયક હતી.

સત્સંગ પછી પૂ.માસ્ટરે કહ્યું:

- માત્ર સહજ માર્ગ જ એક એવી પધ્ધતિ છે, જે આધ્યાત્મિકતાના બીજ રોપે છે.
- સંખ્યાની સાથોસાથ અભ્યાસીઓની ગુણવત્તા પણ વધવી જોઈએ.
- મેડિટેશન હોલ માત્ર ધ્યાન કરવા માટે છે અને આશ્રમની ભૂમિ પર કોઈએ ધાર્મિક વિધિઓ કરવી નહીં.

પૂ.માસ્ટર સીઆરપીએફ ના જવાનોને (લગભગ સો સીઆરપીએફ જવાનો મિશનમાં જોડાયા છે) જોઈને ખુશ થયા અને ભવિષ્યમાં તેમની ટુકડીઓ પણ જોડાય તેવી ઈચ્છા વ્યક્ત કરી.

સાંજના સત્સંગ પછી બાળકોએ રજૂ કરેલો એક નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. જ્યારે સાંજનો સત્સંગ ચાલુ હતો, ત્યારે પૂ.માસ્ટર તેમના કોટેજની બહાર બેઠા અને તેમણે લગભગ ૮૦ સ્વયંસેવકોને, દરેકને ચાંદીનો સિક્કો







આપીને તેમના કામને બીરદાવ્યું. સ્વાસ્થ્ય સારું ન હોવા છતાં પણ તેઓ ખુશમિજાજમાં હતા અને તેમણે અભ્યાસીઓ સાથે સમય વીતાવ્યો હતો.

સાંજના સત્સંગ પછી બાળકોએ રજૂ કરેલો એક નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. જ્યારે સાંજનો સત્સંગ ચાલુ હતો, ત્યારે પૂ.માસ્ટર તેમના કોટેજની બહાર બેઠા અને તેમણે લગભગ ૮૦ સ્વયંસેવકોને, દરેકને ચાંદીનો સિક્કો આપીને તેમના કામને બીરદાવ્યું. તેમના સ્વાસ્થ્ય સારું ન હોવા છતાં પણ તેઓ ખુશમિજાજમાં હતા અને અભ્યાસીઓ સાથે સમય વીતાવતા હતા.

૧૦મી માર્ચે, સવારે ૭:૦૫ વાગે માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો (સત્સંગ ૭:૩૦ વાગે મુકરર કરવામાં આવ્યો હતો) ત્યાર પછી, લગભગ ૧૦ વાગે તેઓ એક અભ્યાસી ભાઈના ઘરે જવા રવાના થયા હતા અને ત્યાંથી લગભગ બપોરે હૈદ્રાબાદ જવા માટે એરપોર્ટ ગયા હતા.

## હૈદ્રાબાદ

માસ્ટર ૧૦ મી માર્ચે બપોરે લગભગ ૧:૪૫ વાગે હૈદ્રાબાદ આવી ગયા હતા. એરપોર્ટ પર અભ્યાસીઓએ એમનું આનંદપૂર્વક સ્વાગત કર્યું હતું. ઝોનલ આશ્રમ જવાના માર્ગ પર કોઈ રાજકીય સરઘસ પસાર થવાના સમાચાર મળવાથી તેઓ એરપોર્ટની નજીક, એક અભ્યાસીના નિવાસે ગયા હતા. થોડો આરામ કર્યા પછી, એમણે કાન્હા શાંતિવનમ યોજનાને લગતી કેટલીક વિગતોની સમાલોચના કરી હતી. ત્યાર પછી, હાજર રહેલા અભ્યાસીઓને એમણે સત્સંગ કરાવ્યો હતો.

યોજનાની વિગતોની નોંધણીની દેખરેખ રાખવામાં બીજા દિવસે પણ માસ્ટર



વ્યસ્ત રહ્યા અને કાન્હાની નોંધણીના કામનો પહેલો ભાગ યોજના પ્રમાણે આગળ વધી રહ્યો હોવાથી તેઓ ઘણાં ખુશ હતા.

૧૨મી માર્ચે, માસ્ટર ઝોનલ આશ્રમ પહોંચ્યા, જ્યાં એમની ઓફિસ સુધી જવાના માર્ગ પર હજારો અભ્યાસીઓએ લાઈનમાં ઊભા રહીને એમનું સ્વાગત કર્યું હતું. માસ્ટરે અવલોકન કરતાં કહ્યું હતું, "અદ્ભુત શિસ્ત, જોવાથી કેટલું સારું લાગે છે." સુવિધાથી જઈ શકાય, તેવા તાજેતરમાં બાંધવામાં આવેલા ઢાળ પરથી ચાલીને તેઓ એમના કોટેજમાં પ્રવેશ્યા હતા. એ પછી તેઓ તરત જ તેમની ઓફિસ અને કોન્ફરન્સ રૂમમાં ફર્યા હતા. માસ્ટરે હાજર રહેલા લગભગ ૫૦૦૦ અભ્યાસીઓને સવારે અને સાંજે સત્સંગ કરાવ્યો હતો. જ્યારે એક અભ્યાસીએ તેમને કહ્યું કે તેમની દાઢી સુંદર દેખાતી હતી, ત્યારે માસ્ટરે વિનોદમાં તરત જ જવાબ આપ્યો હતો કે દાઢી પાછળનો ચહેરો તો એનાથી પણ વધારે સુંદર છે. આ બધો સમય માસ્ટર અતિશય ઉલ્લાસમય અને સ્વસ્થ દેખાતા હતા.

એમની કોટેજના દરવાજાઓ બધો સમય ખુલ્લા રાખવામાં આવતા હતા. દરવાજાઓ ખુલ્લા હોવાથી, પ્રતિક્ષા કરતાં બધાં હૃદયો પર શાંતિ પથરાયેલી દેખાતી હતી. તે બધા અભ્યાસીઓ એમના અતિપ્રિય માસ્ટરની ઝાંખી કરવા દૂરદૂરથી આવ્યા હતા. જ્યારે માસ્ટર એમના બેડરૂમની બહાર ખુલ્લા વરંડામાં બેસવા આવતા હતા, ત્યારે એમનાં દર્શન કરવાની તેમને ઘણી તકો મળી હતી.

૧૩મી માર્ચે, માસ્ટર જ્યારે મેડિટેશન હોલ તરફ જઈ રહ્યા હતા, ત્યારે રસોડાની ટુકડીના સભ્યોએ એમને નમસ્કાર કર્યા હતા. માસ્ટરે એમની સાથે ટૂંકી વાતચીત કરી હતી અને એમને યાદ કરાવ્યું હતું કે ભોજનમાં સૌથી વધારે આવશ્યક ઘટક પ્રેમ છે, તેને એમાં નાખજો. તેમણે હોલમાં સત્સંગ કરાવ્યો હતો. ૬૦૦૦થી પણ વધારે અભ્યાસીઓથી હૉલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. બાળકોનો માસ્ટર સાથે બપોરે એક કલાકનો કાર્યક્રમ હતો. સત્સંગ પછી,







જિજ્ઞાસુની મુંઝવણ અને સહજમાર્ગના શિક્ષણ દ્વારા આપવામાં આવતા માર્ગદર્શનને હૂબહૂ દર્શાવતી નૃત્ય–નાટિકા રજૂ કરવામાં આવી હતી. માસ્ટરે તે એમના રૂમમાંના સીસીટીવી દ્વારા જોઈને કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

૧૪મી માર્ચે સવારે ૭:૩૦ વાગે પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો. સત્સંગ પછી, આપણા ચારિત્ર્યને બળવાન બનાવીને હ્રદયમાં રહેલા પ્રકાશને બહાર ફેલાવવાની જરૂર અંગે સંદેશ આપ્યો હતો. તે પછી માસ્ટર બપોરે ૧:૪૫ વાગે એરપોર્ટ જવા રવાના થયા હતા.

## ચેન્નાઈ: માસ્ટર ઘેર પાછા ફરે છે

લગભગ દોઢ મહિનાની ગેરહાજરી પછી માસ્ટર ૧૪મી માર્ચે હૈદ્રાબાદથી ચેન્નાઈ પાછા ફર્યા. એરપોર્ટ અભ્યાસીઓથી ખીચોખીચ ભરાઈ ગયું હતું અને ઘણાં સમય પછી તેમને જોઈને સૌ આનંદિત થઈ ગયા હતા. તેઓ સીધા 'ગાયત્રી' ગયા હતા. એમણે ત્યાં આરામ કરવામાં અને સાંજે અભ્યાસીઓને મળવામાં એ અઠવાડિયું વિતાવ્યું હતું. કોઈવાર તેઓ સત્સંગ કરાવતા હતા અથવા અભ્યાસીઓ સાથે વાતો કરતા હતા. ત્યાર પછી તેમણે તેમના દિવસોને 'ગાયત્રી' અને આશ્રમ વચ્ચે વહેંચી દીધા હતા, કે જેથી તેઓ આરામ પણ કરી શકે અને અભ્યાસીઓ સાથે ક્યારેક બીચ પર જઈને વિરામ પણ લઈ શકે. મિશનના વહીવટનું, ઈમેલનું અને નવા પ્રશિક્ષકો બનાવવાનું એમનું નિયમિત કાર્ય સામાન્ય ગતિએ થઈ રહ્યું છે.

## મણપાક્કમ આશ્રમમાં અભ્યાસીઓનું પૂર

મુંબઈ સેન્ટરમાંથી પાંચસો અભ્યાસીઓનું વિશાળ જૂથ મણપાક્કમ આશ્રમની ચાર દિવસની મુલાકાતે આવ્યું હતું અને માસ્ટરે એમને સત્સંગ કરાવ્યો હતો. આમંત્રિત પ્રશિક્ષકો અને કાર્યકર્તાઓએ મળીને દરરોજ અરસપરસ ચર્ચા માટેના સત્રનું આયોજન કર્યું હતું, જેને સેમિનારનું રૂપ આપવામાં આવ્યું હતું. તેમણે માસ્ટર માટે ખાસ કેક પણ કાપી હતી અને એક સાંજે નાનકડા કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેને માસ્ટરે ઘણા આનંદથી માણ્યો હતો. ભારતમાંનાં દૂરનાં અને નજીકનાં કેટલાંક સેન્ટરોમાંથી અભ્યાસીઓનો ધસારો અવિરત પ્રવાહમાં મણપાક્કમની મુલાકાત લઈ રહ્યો છે. છેલ્લા એક મહિના દરમિયાન જ, બહારનાં લગભગ ૩,૩૦૦




અભ્યાસીઓએ માસ્ટર સાથે રહેવા માટે મણપાક્કમની મુલાકાત લીધી હતી. ૧૦મી એપ્રિલે, માસ્ટરે આઠ લગ્નો કરાવ્યાં હતાં. એમના પગમાં દર્દ હોવા છતાં, લગ્નો કરાવતાં સુધી, બધો જ સમય તેઓ ઊભા રહ્યા હતા.

## માસ્ટર એમનો પાક લણે છે

માસ્ટર લાલાજી મેમોરિયલ ઓમેગા ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ સાથે પણ સમય ગાળી રહ્યા છે અને એમના તરફ ખાસ ધ્યાન આપી રહ્યા છે. એમાંથી લગભગ ૬૦ જણાએ ધ્યાનની શરૂઆત કરી છે અને તેમનામાં ઘણાં તો ૧૮ વર્ષથી નીચેના છે, પણ તેમને ધ્યાન શરૂ કરવા માટે માસ્ટરે ખાસ પરવાનગી આપી છે. આશ્રમમાં સત્સંગ દરમિયાન તેઓ આગળ બેઠેલા દેખાય છે.એક સાંજે, તેમણે તેમને કોટેજમાં સીટીંગ આપી હતી અને પછી એમની સાથે સાંજનું ભોજન પણ લીધું હતું. આ વિકાસ સંતોષપૂર્વક હોવાની વાત કરતાં એમણે કહ્યું હતું, "હું એક ખેડૂતના સ્થાને છું, જે પોતાનો પાક લણી રહ્યો છે. હું આ બાળકો પર કાર્ય કરતો આવ્યો છું. એ મારી પ્રાથમિકતા છે, મારે ભણતર કે બીજી વસ્તુઓ સાથે નિસ્બત નથી." શિક્ષકની ભૂમિકા વિશે બોલતાં, માસ્ટરે કહ્યું હતું, "શિક્ષક એ છે કે જે ખાતરી કરે કે તે જે કહી રહ્યો છે, તેને બાળકો ગ્રહણ કરી રહ્યા છે, નહીં કે તે જે પોતે આપી રહ્યો છે, તેના પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે. એક સારો શિક્ષક હંમેશાં એના વિદ્યાર્થીઓમાં વિસ્મય અને મુગ્ધતાની ભાવના ઊભી કરે છે."

## દક્ષિણના ઝોનો માટે આઈએસટીપી

૧૬મી એપ્રિલના દિવસે માસ્ટરે ઈન્ડિયા સ્કોલર્સ ટ્રેનીંગ પ્રોગ્રામ(આઈએસટીપી)નો આરંભ કર્યો હતો. જેમાં એમણે ભારતનાં દક્ષિણનાં રાજ્યોમાંથી આવેલા ૫૯ ભાગ લેનારાઓને સંબોધ્યા હતા. માસ્ટરે જ્ઞાનની મર્યાદા વિશે તેમજ આ જીવનથી પર શું છે, તે પ્રત્યેની આપણી અજ્ઞાનતા વિશે કહ્યું તથા સહજમાર્ગમાં કેવી રીતે બધું પ્રાણાહુતિ દ્વારા આપવામાં આવે છે, તેના વિશે પણ તેમણે વિગતવાર કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે દુન્યવી જીવન મુશ્કેલીઓથી ભરાયેલું હોય છે અને ભૂતકાળના સંતો પણ કસોટીઓ અને યાતનાઓથી બાકાત રહ્યા નહતા.





# એનાઉન્સમેન્ટ્સ

## નવી નિમણૂંકો

વિજયકુમાર અગરવાલ
સેન્ટર-ઈન-ચાર્જ, ભટિન્ડા સેન્ટર

મેજર જનરલ આનંદ નારાયણ મુદ્રે (રિટાયર્ડ)
સેન્ટર-ઈન-ચાર્જ, જબલપુર સેન્ટર

સંદીપ પ્રધાન
સેન્ટર-ઈન-ચાર્જ, ગ્વાલિયર સેન્ટર

## સત્ખોલ માટે ડૉક્ટર સ્વયંસેવકો જોઈએ છે

જુલાઈ ૨૦૧૧ થી ડિસેમ્બર ૨૦૧૧ દરમિયાન સત્ખોલ મેડિકલ સેન્ટર ખાતે અભ્યાસી ડૉક્ટર સ્વયંસેવકોની નોંધણી ચાલુ થઈ ગઈ છે. તમારી ઈચ્છા હોય, તો બને તેટલું જલદી જણાવવું. સ્વયંસેવાનો સમયગાળો ૧૫ દિવસનો રહેશે.

વધુ વિગત માટે કૃપયા સંપર્ક કરો:
ડૉ.સી.કે.પ્રસન્નાકુમાર, રેસીડેન્ટ ફીઝીશીયન, મેડિકલ સેન્ટર, સત્ખોલ

## પૂ.માસ્ટરના ૮૫મા જન્મોત્સવનું રજીસ્ટ્રેશન


તિરુપુર, ભારત ખાતે યોજવામાં આવેલા પૂ.માસ્ટરના ૮૫મા જન્મોત્સવની નોંધણીનું કામ ચાલુ થઈ ગયું છે. ભારતના અભ્યાસીઓને વિનંતી છે કે તેઓ પોતપોતાના સ્થાનિક સેન્ટરમાં નોંધણી કરાવે. રજીસ્ટ્રેશન ફોર્મ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

પરદેશના અભ્યાસીઓને વિનંતી છે કે તેઓ ઓનલાઈન નોંધણી કરાવે. વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવી છે. નોંધણી કરાવતા પહેલાં અભ્યાસીઓને પોતાના સ્વાસ્થ્ય માટેના અને સલામતીભર્યા પ્રવાસના સૂચનો અવશ્ય વાંચી લેવા વિનંતી છે. વિગતો નીચેની લીન્ક ઉપર ઉપલબ્ધ છે:
http://www.sahajmarg.org/july-24-celebrations/2011


## વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ – એ થર્ડ રિવીલેશન

પૂ.માસ્ટરની મંજૂરીથી, ૨૮મી માર્ચથી, 'એ વ્હિસ્પર એ ડે'ના સભ્યોને આ શ્રેણીના તાજેતરના પ્રકાશન, 'વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ – એ થર્ડ રિવીલેશન'માંથી ઈમેલ મારફતે સંદેશા મળશે. જો તમે દરરોજ પ્રકાશિત થતી આ ઈમેલ સેવાના સભ્ય ન હો, અને જો તમારે સભ્ય થવું હોય, તો આપણી વેબસાઈટની નીચેની લીન્ક પરથી તમે સભ્ય બની શકશો.
http://www.sahajmarg.org/literature/newsletters


# નવાં પ્રકાશનો




હાર્ટસ્પીક ૨૦૦૭
તેલુગુ




હાર્ટસ્પીક ૨૦૧૦
અંગ્રેજી




માય માસ્ટર
તેલુગુ, નેપાળી, કન્નડા




વોઈસ રિયલ ૨
મલયાલમ




રિયાલીટી એટ ડૉન
પંજાબી



કોન્સ્ટન્ટ રિમેમબ્રન્સ
એપ્રિલ ૨૦૧૧




સ્પાર્ક કલેક્ટર ૨
અંગ્રેજી



કેરેક્ટર ફોર્મેશન
એમપીડ3 અંગ્રેજી

# ભૂતકાળમાં ડોકિયું




૧૯૭૭ માં બાબુજીની તા. ૬થી ૨૩ અપ્રિલ સુધીની મલેશિયા અને સિંગાપુરની પરદેશ ચાત્રામાં, માસ્ટર તેમની સાથે હતા. આ ચાત્રા, ૩૦મી અપ્રિલના તેમના ૭૮મા જન્મદિવસના મદુરાઈ ખાતેના ઉત્સવ માટે ખૂબ જ મહત્વની હતી. માસ્ટરની રોજનીશી(ઈન હીઝ ફૂટસ્ટેપ્સ)માંથી ઉતારવામાં આવેલું ઉત્સવનું વર્ણન નીચે પ્રમાણે છે :

૩૦ એપ્રિલ, ૧૯૭૭– શનિવાર

બધી જ વ્યવસ્થા સંપૂર્ણ છે તે જોવા માટે, તલ્લકુલમથી લગભગ દોઢ કિ.મિ. ના અંતરે આવેલા 'પેરિચર મલિગૈ' જવા માટે મેં વલમજી મેન્શન છોડ્યું. આજે માસ્ટરનો ૭૯મો જન્મદિવસ છે, અને મદુરાઈ કેન્દ્રને આખા ઈન્ડીયા લેવલે તેની ઉજવણી માટે મંજૂરીના આશિર્વાદ મળ્યા છે.

૯:૩૦ સવારે: ગુરુજી (બાબુજી) થોડી મિનિટો પહેલાં જ આવ્યા હતા અને હોલમાં ભેગા થયેલા લગભગ એક હજાર અભ્યાસીઓ દ્વારા તેમનું ઉષ્માભયુ સ્વાગત કરવામાં આવ્યું કે જેઓ ૮ વાગ્યા પહેલાંથી તેમની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. માસ્ટરે ૨૦ મિનિટનો સમૂહ સત્સંગ કરાવ્યો. વહેલી સવાર હોવા છતાં ત્યાં ખૂબ જ ગરમી હતી. ગુરુજીની બંને બાજુ મંચ ઉપર, જ્યાં તેઓ બેઠા હતા, ત્યાં ટેબલ ફેનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ટેબલ ફેન ખૂબ અવાજ કરતો હતો. તે છતાં હું તેમની બેચેની જોઈ શકતો હતો. પ્રાણાહુતિ સૌમ્ય અને હળવી હતી.

બાબુજીએ થોડી મિનિટો માટે આરામ કર્યો અને પછી બીજી જગ્યા ઉપર તેમના દ્વારા પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો, ત્યારબાદ તેઓ તેમના મંચ પર પાછા આવ્યા. આ પછી ત્યાં કેટલાંક વકતવ્યો હતાં. વલમજી મેન્શન પાછા ફરતાં પહેલાં ગુરુજીએ સવારના ૧૧:૩૦ સુધી આરામ કર્યો હતો.

સાંજના ૬ વાગ્યે ગુરુજી હૉલ ઉપર પાછા આવ્યા અને સાંજનો સત્સંગ કરાવ્યો. તેમણે મને કહ્યું કે ''સવારે મેં અડધું કામ પૂરું કરી દીધું હતું. બાકીનું કાર્ય હું અત્યારે પૂરું કરીશ.''

આજે કુલ ૩૦૦૦ રૂપિયાના પુસ્તકોનું વેચાણ થયું! અમે રાત્રિના ૯ વાગે ઘરે આવ્યા. બાબુજી સાથે સમય વિતાવવા માટે ઘણા અભ્યાસીઓ આવ્યા હતા. બધાંએ વ્યવસ્થાના તથા તેમણે આપેલી સિટિંગ વગેરેના વખાણ કર્યાં હતાં. ગુરુજીએ કહ્યું ''આ બધીજ લાલાજી સાહેબની કૃપા છે. કોઈ પણ ખાલી હાથે ગયું નથી''.

## બહેનોનું સ્ટડી ગ્રુપ, ઈન્દોર, એમ.પી.

જો કે એક અભ્યાસી તરીકે ભાઈઓ અને બહેનોમાં કોઈ જ તફાવત હોતો નથી, છતાં બંને જીવનમાં જુદી જુદી ભૂમિકા ભજવે છે.તેઓ જીવનમાં રોજે રોજ જુદી જુદી પરિસ્થિતિમાંથી પસાર થાય છે અને તેમાં તેમણે આધ્યાત્મિક સિધ્ધાંતોનું પાલન કરવાનું હોય છે.

આ ચોક્કસ મહત્વના વિષયને ધ્યાનમાં રાખીને, બહેનોના એક સમૂહે દરેક ત્રીજા શુક્રવારે, સત્સંગ માટે અને સાધનાને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા માટે ભેગા થવાની શરૂઆત કરી.

૧૮મી માર્ચે, બહેન કાલાના ઘરમાં પહેલી સભાનું આયોજન કરવામાં આવ્યું. લગભગ ૨૦ બહેનોએ સત્સંગમાં ભાગ લીધો પછી 'ગુરુ અને લક્ષ્ય' પુસ્તકના એક પ્રકરણનું વાંચન કરવામાં આવ્યું. તેઓએ ચારિત્ર્ય નિર્માણના મહત્ત્વ ઉપર ચર્ચા કરી. આખી જીંદગી આપણે સુખ મેળવવા માટે દોડીએ છીએ અથવા દુ:ખને ટાળીએ છીએ. અત્યારે તે આપણને સેવા ભાવનામાં સમયની જરૂરિયાત પ્રમાણે કાર્ય કરવાનું શીખવે છે. ત્યાં સાધનાના અલગ અલગ પાસાંઓ ઉપર પણ ચર્ચા થઈ હતી. તેઓને આશા છે કે તે ધીરે ધીરે વિકાસ પામશે અને વધારે ને વધારે ભાગ લેનારાઓને લાભ મળશે.

## યુથ સેમિનાર – મુંબઈ

પાંચમી માર્ચના રોજ પનવેલના બાબુજી મેમોરિયલ આશ્રમ ખાતે, બે દિવસ માટે આખા માહારાષ્ટ્ર અને ગોવાના યુવા સંમેલનનો ૨.૦૦ વાગે પ્રારંભ થયો. કાર્યક્રમનો વિષય હતો– ''ભ્રમણાની જાળમાંથી છુટવું''. ૧૫૦ અભ્યાસીઓએ આ સંમેલનમાં ભાગ લીધો. સેમિનારની માહિતિ માસ્ટરના શિક્ષણ પર આધારિત હતી, જે, પૂના અને મુંબઈના પ્રશિક્ષકોના નેતૃત્વ નીચે તૈયાર કરવામાં આવી હતી. મિશનના યુવાઓમાં સમાયેલી અસાધારણ પ્રતિભા આ કેમ્પમાં ખીલી ઉઠી.

પૂનાના અભ્યાસીઓએ 'હુ મુવ્ડ માય ચીઝ' નાટિકા રજૂ કરી. મુંબઈ કેન્દ્રના ભાગલેનારાઓએ ''એવી રીતે જીવો કે જાણે તમે બીજી જ ક્ષણે મૃત્યુ પામવાના છો'' નામની નાટિકા રજૂ કરી. ભાઈ સંજય ભાટિયા, ભાઈ સંતોષ શ્રીનિવાસન, અને ભાઈ સુભાષ વૈદ્યે તેમના અનુભવો રજૂ કર્યા જેણે ભાગ લેનારાઓને પ્રોત્સાહિત કર્યા. ત્યાં સામૂહિક ચર્ચા વિચારણા અને પોતાની જાતના આત્મનિરીક્ષણ માટેનો કાર્યક્રમ પણ હતો. આ કેમ્પનું વાતાવરણ ભંડારા વખતના વાતાવરણને મળતું હતું. માસ્ટરની હાજરી અનુભવાતી હતી. જે યુવાઓ આ કેમ્પમાં હાજર હતા, તેમણે ઘણો લાભ મેળવ્યો.








## હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, વડોદરા, ગુજરાતના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂઆત

૨૬મી ફેબ્રુઆરી ના રોજ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ અને પોંડિચેરી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. સહજ માર્ગનો ધ્યાન અને સફાઈનો ખ્યાલ સરળ ભાષામાં અને સરળ ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવ્યો હતો. યુવાઓ શક્તિ અને ઉત્સાહની લાગણીથી ભરપૂર હતા. જોકે તેઓ કોલેજ જીવનમાંથી નીકળીને હોંશિયારી માંગી લેતી, હોટલ ઈન્ડસ્ટ્રીની કડવી વાસ્તવિકતામાં પ્રવેશવાની તૈયારીમાં હતા ત્યારે આ વાર્તાએ સમતોલ જીવન અને હ્રદય શું કહે છે તે સાંભળવા ઉપર પ્રકાશ પાડ્યો હતો. વિદ્યાર્થીઓએ, વકતાઓને કે જેઓ પણ યુવા હતા, તેમને ધ્યાનપૂર્વક સાંભળ્યા. ૯૨ વિદ્યાર્થીઓમાંથી ૫૬ વિદ્યાર્થીઓએ ધ્યાન શરૂ કરવા માટે રસ બતાવ્યો. સહજ માર્ગની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું. આશા છે કે ઉત્સાહથી ભરપૂર આ વિદ્યાર્થીઓ આ તકનો ઉપયોગ પોતાને સાચી દિશામાં વાળવામાં કરશે. આ ઈન્સ્ટીટ્યુટના ડાયરેકટર આ કાર્યક્રમથી ખુશ થયા અને આવા વધારે કાર્યક્રમો કરવા માટે તૈયારી બતાવી.

## વર્કશોપ ઓન પેરેન્ટીંગ

વડોદરા, ગુજરાત વીબીએસઈના સ્વંયસેવકોને બરોડા હાઈસ્કૂલમાં, વાલીઓ માટેના કાર્યક્રમના આયોજનની તક મળી. તેમણે, કુટુંબનું વાતાવરણ, બાળકો પાસેથી માતાપિતાની અપેક્ષાઓ (તેની વિરુધ્ધ બાળકોની અપેક્ષાઓ) બાળકોની લાગણીઓ સાથેના વ્યવહારની, પ્રેમ, શિસ્ત, આઝાદી અને વાતાવરણની સમૂહ ચર્ચાવિચારણા કરીને શરૂઆત કરી. માતાપિતા અને ઉછરતાં બાળકોના વર્તમાન પ્રશ્નોને ધ્યાનમાં રાખીને વિષયોની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ આપણા પ્રશિક્ષકે, સહજ માર્ગના સિધ્ધાંતમાંથી બાળકોની માવજત (પેરેન્ટીંગ) વિષે વકતવ્ય આપ્યું. તેમણે વાલી તરીકેના પોતાના અનુભવની અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં મનને શાંત રાખીને અને ખુલ્લા હ્રદય સાથે તેમાંથી કેવી રીતે બહાર નીકળ્યા તે વિષે વાત કરી. બધા જ વાલીઓ ૩ કલાક સુધી સંપૂર્ણપણે પ્રવૃત્ત રહ્યા અને સ્વંયંસેવકો સાથે વિચારોની આપલે કરી. કાર્યક્રમમાં જોડાયેલા ૩૦ વાલીઓમાંથી, ૧૫ જણાંએ ધ્યાન શરૂ કરવામાં રસ બતાવ્યો. આ કાર્યક્રમ ખૂબ જ વખાણાયો અને શાળા તરફથી ભવિષ્યમાં આવા વધારે કાર્યક્રમોનું આયોજન કરવા માટે વિનંતી કરવામાં આવી.



## કુદરત અને હું – સમર કેમ્પ, બેંગલોર

તા. ૮ થી ૧૦ એપ્રિલ દરમિયાન ત્રણ દિવસના વસવાટ સાથેનું સંમેલન (કેમ્પ) બાનાશંકરી આશ્રમ, બેંગલોર ખાતે રાખવામાં આવ્યો હતો, જેમાં ૭ થી ૧૫ વર્ષની આયુના ૮૦ જેટલા ઉત્સાહી બાળકોએ ભાગ લીધો હતો. કુદરતના પાંચ તત્વોના આધારે બાળકોને સમૂહોમાં વહેંચવામાં આવ્યાં હતાં. દરેક ગૃપને સમૂહ ચર્ચા વિચારણા, કલા અને હસ્તકલાની પ્રવૃત્તિ અને તત્વો વિષેની રજૂઆત સોંપવામાં આવી હતી. ઔષધિય છોડની રજૂઆતથી, તેઓનો રસ આ પ્રકારના છોડ તરફ વધ્યો હતો. પાંચ ઈન્દ્રિયોવાળી રમતથી તેમણે અનુભવ્યું હતું કે ખરેખર આપણે તેનો કેટલો થોડો ઉપયોગ કરીએ છીએ.

બીજા દિવસે જૂની વસ્તુ ને ફરીથી બનાવવી, વસ્તુને ફરીથી વપરાશમાં લેવી અને વપરાશમાં ઘટાડો કરવો, જેવી બાબતોની જાણકારી ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો. એક નિષ્ણાત દ્વારા, વરસાદના પાણીના સંગ્રહ નું પ્રદર્શન કરવામાં આવ્યું. કલા અને હસ્તકલાની પ્રવૃત્તિ દ્વારા બાળકોને નકામી કચરાની વસ્તુમાંથી કિંમતી વસ્તુ બનાવવાની ક્રિયા દ્વારા  ડાયરી, આકર્ષક વાસણ અને સમાચાર પત્ર સાથે પેન મૂકવાનું સ્ટેન્ડ, જૂની પ્લાસ્ટીકની બોટલમાંથી ફૂલદાની, જેવું અનેક બનાવવામાં વ્યસ્ત રાખવામાં આવ્યા હતા. બાળકોને કુંભારના ચાકડાની મદદથી વાસણો બનાવવાનો અદભુત આનંદ મળ્યો. આ પછી ટ્રેઝર હ્ન્ટ, પ્રશ્નોત્તરી, કઠપૂતળી, અને ચલચિત્રનો કાર્યક્રમ હતો.

ત્રીજા દિવસે આંતરિક અવાજના મુદ્દા પર વિષેશ ધ્યાન આપવામાં  આવ્યું. આ મુદ્દા પર આધારિત રમતો રજૂ કરવામાં આવી અને આ વિષયને વીબીએસઈના શૈક્ષણિક કાર્યસૂચીના આધારે વધુ વિસ્તૃતરૂપે સમજાવવામાં આવ્યો. બાળકોના વિવિધ કામનું પ્રદર્શન વાલીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યું.બાળકોને દરેક ટીમ દ્વારા પ્રેમપૂર્વક, સમજદારીથી બનાવેલી કીટ ભેટ આપવામાં આવી.

તે કેમ્પ એક આનંદ આપનાર પ્રવૃત્તિ બની રહી, જેમાં બાળકો રમતો દ્વારા, એકબીજાનું જોઈને અને નાટિકાઓ દ્વારા સૂક્ષ્મ રીતે જુદા જુદા મૂલ્યો શીખ્યાં.



## નિબંધ લેખન સર્ટિફીકેટ વિતરણ


દિલ્હી

દિલ્હી: ૨૬મી ફેબ્રુઆરીએ ભાઈ એ.પી.પાલ્ટા(ઝોન–ઈન–ચાર્જ)એ રાજ્યકક્ષાએ વિજેતા બનેલા ૧૭ જણને અને રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનેલ એક જણને ઈનામો આપ્યા. ભાઈ પાલ્ટાએ ભારપૂર્વક જણાવ્યું કે આવા કાર્યક્રમોથી બાળકોમાં માનવીય મૂલ્યોની વૃદ્ધિ થાય છે, જેનાથી ભવિષ્ય સારું બનવામાં મદદ મળે છે. ઈનામ વિજેતાઓએ મિશનનો આભાર માન્યો અને નિબંધ લખવાથી પોતાને થયેલાં અનુભવો તેમજ પોતાના વિચારો વ્યકત કર્યાં.


મદુરાઈ

મદુરાઈ: ૨જી ફેબ્રુઆરીએ, ૭૦૦થી વધારે અભ્યાસીઓ, ૨૦૦ વિદ્યાર્થીઓ, ૧૦૦ વાલીઓ અને શિક્ષકો ભેગા થયા હતા. મદુરાઈ ઈવનીંગ કોલેજના આચાર્ય શ્રીમતી પદ્મા રામચંદ્રન અને ડૉ.પી.રામચંદ્રને ઈનામોનું વિતરણ કર્યું. ઓલ ઈન્ડીયા રેડિયોના કાર્યક્રમ નિયામક શ્રી અશોકે આધ્યાત્મિક શિક્ષણના મહત્ત્વ પર ભાર મૂક્યો.


મુઝફ્ફરપુર

મુઝફ્ફરપુર: ૨૭મી ફેબ્રુઆરીએ મુઝફ્ફરપુર ખાતે શ્રી એસ.એમ.રાજુ (આઈએએસ) મુખ્ય મહેમાન હતા. શિક્ષકો, વાલીઓ અને આચાર્યોના સમૂહમાં લગભગ ૧૫૦ જણ હતા. ઈનામ વિતરણ બાદ, શ્રી એસ.એમ.રાજુએ યુવાનોમાં ધ્યાન, સ્વ–નિયંત્રણ અને ચારિત્ર નિર્માણ વિષે જાગરૂકતા ફેલાવવા માટે સહજ માર્ગની ભૂમિકાની કદર કરી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભવિષ્યમાં આવી પ્રતિયોગિતાઓમાં વધારે ઉત્સાહપૂર્વક ભાગ લેશે, એવું વચન આપ્યું.

રોહતક: એમ.ડી. વિશ્વવિદ્યાલય,રોહતકના, આંબેડકર હૉલ ખાતે, ૮મી ફેબ્રુઆરીના રોજ, ઉપકુલપતિ, પ્રોફેસર આર.પી. હૂડા અને તેમના પત્નિ શ્રીમતિ વેદવતી હૂડા મૂખ્ય મહેમાન હતા. લગભગ ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ, વાલિઓ,શિક્ષકો, અભ્યાસીઓ અને તેમના બાળકોએ પ્રતિયોગિતામાં ભાગ લીધો. નિબંધ પ્રતિયોગિતા, એસ.આર.સી.એમ, યુ.એન.આઈ.સી., વી.બી.એસ.સી અને સહજ માર્ગ ઉપર વાર્તાલાપ અપાયા.


ચંદીગઢ

ચંદીગઢ: પંજાબ વિશ્વવિદ્યાલયના સુવર્ણ જયંતિ હૉલ ખાતે ૧૮મી ફેબ્રુઆરીના રોજ કાર્યક્રમ રખાયો હતો. આર્ટસ શાખાના વડાને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરાયા હતા. આ પ્રસંગ, "યુવાની: વચન અને પ્રયત્ન માટેનો સમય." વિષય ઉપર કેન્દ્રિત હતો. ઈનામ વિતરણ બાદ એક નાની વીડીયો દર્શાવવામાં આવી.

પત્તામ્બી: ૨૭મી ફેબ્રુઆરીના રોજ આયોજીત કાર્યક્રમમાં, આઠ ઈનામ વિજેતાઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. ઘણા વિદ્યાર્થીઓ, વાલીઓ અને ઘણી સંસ્થાઓના વડાઓએ તેમાં ભાગ લીધો. ભાઈ રામન ભટ્ટાથ્રીપાદ અને ભાઈ નારાયણે ઈનામોની વહેંચણી કરી.બધા વિદ્યાર્થિઓએ તેઓના મંતવ્યો અભિવ્યક્ત કર્યા.વાલિઓએ બાળકોમાં માનવીય ગુણવત્તાઓના વિકાસ માટે મિશને ભજવેલી ભૂમિકાની ખૂબ જ કદર કરી.


મીરૂટ

મેરઠ: મેરઠમાં, ૪૮૪ શાળાઓ, કૉલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાંથી ત્રણેય કક્ષાની પ્રતિયોગિતાઓમાં કુલ મળીને ૧૬૬૫૩ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો. ચકાસણી કર્યા પછી કુલ ૬૪૭ જણને સર્ટિફીકેટ આપવામાં આવ્યા હતા. બધા જ સહભાગીઓને તેમના વાલીઓ અને શિક્ષકો સાથે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પ્રશિક્ષકોએ મહેમાનોને સહજ માર્ગ વિષે સમજ આપી અને બધા અભિલાષીઓને મિશનની પત્રિકાઓ અને સાહિત્ય પૂરું પાડવામાં આવ્યું.


સુલતાનપુર

૨૦મી ફેબ્રુઆરીના રોજ, સુલતાનપુર ખાતે, ૬૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને સુલતાનપુર જીલ્લાની ૯૭ કૉલેજોના આચાર્યો આ કાર્યક્રમમાં હાજર રહ્યા. વિદ્યાર્થીઓ આશ્રમના વાતાવરણથી પ્રભાવિત થયા હતા અને મિશન વિષે જાણવા ખૂબ જ આતુર હતા.આસપાસના કેંન્દ્રો, જેવા કે અલ્હાબાદ, જૌનપુર, વારાણસીના અભ્યાસીઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી. ડૉ શિવ મોહન પાંડેએ આધ્યાત્મિકતામાં યુવાનોની ભૂમિકા વિષે વકતવ્ય આપ્યું.


શાહજહાનપુર

મોરાદાબાદ આશ્રમ ખાતે, ૨૭મી ફેબ્રુઆરીના રોજ, કાર્યક્રમનું આયોજન થયું, જેમાં ૯૫ શાળામાંથી આવેલા ૧૮૦ વિદ્યાર્થીઓએ તેમના વાલિઓ અને શિક્ષકો સાથે ભાગ લીધો. નિબંધોના ત્રણ વિષયો ઉપર બહેન નીલમે વકતવ્ય આપ્યું. ભાઈ શ્રવણકુમારે સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા. મહેમાનો વાતાવરણનો આનંદ માણતા જણાયા અને ઘણાએ સહજ માર્ગ વિષે પૂછપરછ કરી અને જોડાવા માટે તેમની તૈયારી વ્યકત કરી.


શાહજહાંપુર

શાહજહાંપુર કેંન્દ્રે, ૨૭મી ફેબ્રુઆરીના રોજ કાર્યક્રમ આયોજીત કર્યો હતો. કેંન્દ્રમાં આવેલી ૪૫ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રતિયોગીતાને સંચાલિત કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન, ડૉ. રામ શંકર મૌર્યે (એ.ડી.એમ.) પ્રમાણપત્રોનું વિતરણ કર્યું. સેન્ટર–ઈન–ચાર્જે મિશનની ઓળખ આપી. ભાઈ ભગવાન દાસે આવી પ્રતિયોગિતાના સંચાલન માટેનો હેતુ સમજાવ્યો.


ગુલબર્ગા

ગુલબર્ગા: ૨જી ફેબ્રુઆરીના રોજ, ૫૦ વિદ્યાર્થીઓએ તેમના વાલીઓ અને શિક્ષકો સાથે કાર્યક્રમમાં હાજરી આપી. ભાઈ પ્રહલાદ પાકનીકરે, ભાઈ શ્રીકાંત જોશીએ અને ભાઈ રાજુએ સહજ માર્ગ પધ્ધતિના વિશિષ્ટ પાસાઓને સમજાવ્યા.

હુબલી: ૧૩મી ફેબ્રુઆરીના રોજ, ધારવાડ જીલ્લાના એડીશનલ કમીશ્નર ફોર એજ્યુકેશન, કે.એ.એસ., શ્રી વી.એ. મચકનુર જેઓ મુખ્ય મહેમાન હતા, તેમણે કહ્યું, કે તેઓ ખુશ છે કે આપણે, તેમના ખાતાનું કાર્ય કરી રહ્યા છીએ. તેમણે શિક્ષણમાં મૂલ્યોની જરૂરીયાત ઉપર ભાર મૂક્યો. ભાઈ ડૉ.બારકોલે આવી પ્રતિયોગિતાઓ સંચાલિત કરવા પાછળનો હેતુ અને યુવાનોના ઘડતર ઉપર થતી તેની અસર વિષે સમજાવ્યું. ભાઈ રાજુએ સહજ માર્ગની પધ્ધતિ વિષે સમજાવ્યું.



હુબલી

બિદર: ૨૭મી ફેબ્રુઆરીના રોજ, આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો આ પ્રસંગ ઉપર ભેગા થયા હતા. ભાઈ હરિલાલ ચૌહાણે (સી.આઈ.સી) નિબંધ પ્રતિયોગિતાના હેતુ અને ૨૦૧૦માં મળેલા તેના અતિ વ્યાપક પ્રતિભાવ વિષે વકતવ્ય આપ્યું. ભાઈ રાજુએ આધ્યાત્મિકતાની અને સહજ માર્ગના તત્વજ્ઞાનની જરૂરીયાત ઉપર વકતવ્ય આપ્યું. વિદ્યાર્થીઓને તથા સંસ્થાઓને પમાણપત્રોની વહેંચણી કરવામાં આવી. ૧૮ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓને સહજ માર્ગના અભ્યાસ ઉપરનું મૂળભૂત પુસ્તક આપવામાં આવ્યું.


બીડર

કેટલાક વિદ્યાર્થીઓએ નિબંધ માટે તૈયારી કરવાના અનુભવોનું આદાનપ્રદાન કર્યું. તેઓએ જણાવ્યું કે તેઓએ ચારિત્ર્ય, સ્વતંત્રતા, મહત્વાકાંક્ષા, અપેક્ષા જેવા વિષય ઉપર ક્યારેય ચિંતન કર્યું નહતું. તૈયારી દરમિયાન, જે રીતે તેમના સાચા અર્થ પ્રગટ કરવામાં આવ્યા, તેનાથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વાલીઓએ પણ વિષયો ઉપર તેમની ખુશી વ્યકત કરી અને મિશનના પ્રયત્નોની કદર કરી. થોડા ઘણાએ મિશનમાં જોડાવાની ઈચ્છા અભિવ્યકત કરી.


બેલારી

બેલારી: ૨જી ફેબ્રુઆરીના રોજ યોજાયેલ કાર્યક્રમમાં સાત શાળામાંથી આવેલા ૨૫ વિદ્યાર્થીઓએ હાજરી આપી. નિબંધ પ્રતિયોગિતા વિષે વિદ્યાર્થીઓએ શું અનુભવ્યું તે વિષે તેમણે વકતવ્ય આપ્યું અને ત્યાર પછી, એસ.આર.સી.એમ.ની ઓળખ આપવામાં આવી. તે એક ખૂબજ રહસ્ય ખોલનારો અનુભવ હતો અને આધ્યાત્મિકતા અને જીવનમાં મૂલ્યોની જરૂરિયાત વિષેની વાત તેમને ઊંડાણપૂર્વક સ્પર્શી ગઈ.

હુમ્નાબાદ: છઠ્ઠી માર્ચના રોજ ભાઈ બક્કારેડ્ડીના ઘેર લગભગ પંદર લોકોની હાજરીમાં કાર્યક્રમ રખાયો હતો. વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો વિતરિત કરવામાં આવ્યા હતા. ભાઈ શ્રીકાંત જોશીએ ''આધ્યાત્મ–એક જરૂરિયાત'' પર એક ટૂંકું વકતવ્ય આપ્યું હતું.


હુમ્નાબાદ

લખનૌ: લખનૌ ખાતે શહેરની ૯૫ સંસ્થાઓમાં નિબંધ પ્રતિયોગિતા આયોજીત કરવામાં આવી હતી. ૨૭મી ફેબ્રુઆરીના રોજ, ૪૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ, વાલીઓ, અને શિક્ષકોએ આ પ્રસંગે હાજરી આપી હતી. પ્રો. એ.કે. શ્રીવાસ્તવ, લખનૌ વિશ્વવિદ્યાલયના સોસીયોલોજી વિભાગના વડા, મુખ્ય મહેમાન તરીકે હતા અને તેમણે ઈનામો વહેંચ્યા હતા.



## ભાઈ એ.પી. દુરાઈની કર્ણાટકના મેંગલોરની મુલાકાત

મિશનના જોઈન્ટ સેક્રેટરી, ભાઈ એ.પી.દુરાઈએ, ૨૪મી ફેબ્રુઆરીના રોજ મેંગલોરની મુલાકાત લીધી હતી. એમને મળવા માટે લગભગ ૫૦ અભ્યાસીઓ એકત્રિત થયા હતા. બહેન નલિનીએ અભ્યાસીઓના લાભ માટે પ્રાર્થનાનો અર્થ સમજાવ્યો હતો.

આશ્રમની જગ્યા શોધવા માટે ભાઈ સુબ્રયા પાઈ, પ્રસાદ ક્રિષ્ના,બહેન લતા હોલ્લા,ભાઈ ગણેશ અને ભાઈ રાધાક્રિષ્ણન સાથે એક કમિટિની રચના કરી હતી. એમણે માસ્ટરમાં વિશ્વાસ રાખીને કાર્યની શરૂઆત કરવાનું કહ્યું હતું અને કહ્યું હતું કે તેની પૂર્તિ થઈ જશે.

અભ્યાસીઓ સાથેના એમના અરસપરસના વાર્તાલાપ દરમિયાન ભાઈ દુરાઈએ એમના કેટલાક વિચારો નીચે મુજબ રજૂ કર્યા હતા.

- ‘તું જ એક માત્ર ઈશ્વર અને શક્તિ છે, જે અમને તે લક્ષ્ય સુધી લઈ જઈ શકે છે’, એનો અર્થ શું થાય? માસ્ટરનો સ્વીકાર કરીને અને ઈશ્વર તથા શક્તિ તરીકે એમની ઉપર શ્રધ્ધા રાખીને, વ્યક્તિ નીડર અને હિંમતવાન બને છે અને ગમે તેટલા શક્તિશાળી લોકો તરફથી કોઈપણ જાતના દબાણ અને ખોટા ફરમાનો સામે ઝૂકતો નથી.
- આપણી ભૂલો અને આપણી અપૂર્ણતાઓને સુધારવા માટે જ્યારે ગુસ્સાને આપણી પોતાની તરફ વાળવામાં આવે, ત્યારે તે સારો છે.
- ભીખ માગવાની નથી. પ્રાર્થના એવી હોવી જોઈએ જેમ કે એક ભિખારી તેના હાથમાં ભિક્ષાપાત્ર લઈને નમ્રતાપૂર્વક માસ્ટરની સમક્ષ ઉભો છે, એ જાણ્યા વગર કે શું માગવું છે પણ માસ્ટર જે આપે છે એ મેળવવા માટે તે ઊભો છે. એમાં કોઈ જ અપેક્ષા નથી. જ્યારે આપણે આ રીતે પ્રાર્થના કરીએ, ત્યારે માસ્ટર પોતાના અભ્યાસીઓ માટે ઈશ્વર પાસેથી દિવ્યશક્તિ ને આકર્ષિત કરે છે.
- માસ્ટરમાં સંપૂર્ણ શ્રધ્ધા રાખીને એક જ ભાવના સાથે, કે ‘તમે જ બધું સંભાળી લો, હું તો તમારા હાથમાં માત્ર એક હથિયાર છું.’ આવી શ્રધ્ધા જ કાર્યનો અમલ કરવા માટે દિવ્યશક્તિને આકર્ષિત કરશે.
- ભાઈ દુરાઈએ માસ્ટરનાં પુસ્તકોને વારંવાર વાંચવાની જરૂરિયાત પર, સત્સંગ પછી પુસ્તકોને વાંચવા પર અને અભ્યાસીઓના ઘરોમાં હોમગેધરીંગનું આયોજન કરવા પર ભાર મૂક્યો હતો. માસ્ટરનું કાર્ય કરવા માટે માસ્ટરનું ધ્યાન આપણી તરફ કેવી રીતે આકર્ષિત કરવું, તેનું રહસ્ય તેમણે બતાવ્યું હતું.

## તિરૂપુર ખાતે મહત્વના વિવિધ બનાવો– માર્ચ–૨૦૧૧

૪થી અને ૫મી માર્ચે ચેટ્ટીપાલયમ આશ્રમ ખાતે જોઈન્ટ સેક્રેટરી, ભાઈ એ.પી. દુરાઈના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલા એક સેમિનારમાં ભાગ લેવા માટે તામિલનાડુમાંથી પ્રશિક્ષકો એકત્રિત થયા હતા.

૬,માર્ચે, ભાઈ દુરાઈએ રવિવારનો સત્સંગ કરાવ્યો હતો. એ પછી આખા દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અભ્યાસીઓ દ્વારા સમૂહ ચર્ચા, પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ અને પ્રશિક્ષકોના વકતવ્યો રાખવામાં આવ્યાં હતાં.

પૂ.માસ્ટરે તિરૂપુર ખાતે પોતાનો જન્મદિવસ ઉજવવાની સંમતિ માસ્ટરે આપી હોવાથી, એ પ્રસંગ માટે એક કમિટિની રચના કરવામાં આવી હતી. ચર્ચા મસલત માટે કમિટિના સભ્યો ૯મી માર્ચે એકત્રિત થયા હતા. સેક્રેટરી ભાઈ ઉમાશંકર બાજપાઈએ સત્સંગ કરાવ્યો હતો. ત્યાર પછી અરસપરસ ચર્ચા કરવામાં આવી હતી. સભ્યોએ ડીજે પાર્કની મુલાકાત લીધી હતી અને વિવિધ કાર્ય ક્ષેત્રના સ્વયંસેવકો સાથે આયોજનો અને સુવિધાઓ વિશે ચર્ચા કરી હતી.

નવા જ જોડાયેલા અભ્યાસીઓ માટે એ જ દિવસે એટીપી નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઘણા અનુભવી અભ્યાસીઓ પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને નવા અભ્યાસીઓ સાથે લાભ લીધો હતો.

## આત્મ નિરીક્ષણ કરવા માટેનો સમય – તામિલનાડુના નેત્રામપલ્લી ખાતે યુવાનો

૮૫ અભ્યાસીઓ માટે ૧૨મી અને ૧૩મી માર્ચે નેત્રામપલ્લી આશ્રમમાં યુવાનો માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આશ્રમ મેનેજર ભાઈ ભરતરાજને વકતવ્ય આપ્યું હતું. ત્યાર પછી ’સહજમાર્ગમાં યુવાનોની ભૂમિકા’ પર ભાઈ લક્ષ્મીનારાયણને વકતવ્ય આપ્યું હતું. ’સ્વ પરિક્ષણ’ નો કાર્યક્રમ મુખ્ય ધ્યાનાકર્ષક હતો, જેમાં અભ્યસીઓને વિવિધ પરિસ્થિતિઓ હેઠળ પોતાની જાત પ્રત્યે આત્મનિરીક્ષણ કરવાની તક મળી હતી. અભ્યાસી તરીકે જ્યોતિષશાસ્ત્રમાં શ્રધ્ધા, આધ્યાત્મિક લગ્નોનું મહત્વ, પરંપરાઓનું મહત્વ વગેરે જેવા વિવિધ વિષયો પર સમૂહ ચર્ચાથી એમને ગંભીરતાપૂર્વક વિચાર કરતા કર્યા હતા અને વિચારોની આપલે કરી હતી. રાત્રે, પ્રેરણાદાયી એનિમેશન ફિલ્મ, ’સ્પીરીટ’થી દિવસની સમાપ્તિ થઈ હતી.

બીજા દિવસની શરૂઆત ’યુવાનો’, ’સહજ માર્ગનું ભવિષ્ય’ પરના ભાઈ રઘુપતિના ભાષણથી થઈ હતી: ’આધ્યાત્મિક અવસ્થાની જાળવણી’ ભાઈ શ્રીરામ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. સહજમાર્ગ સાધનાની પાયાની માહિતી અને મિશનની વિવિધ પ્રવૃત્તિઓને કોયડાઓ દ્વારા પ્રતિબિંબિત કરવામાં આવ્યા હતા. બપોરે વિડિયો પ્રદર્શન ઘણું જ પ્રેરક રહ્યું હતું અને આપણા જીવનમાં હકારાત્મક વિચારસરણી અને ઈચ્છાશક્તિનું મહત્વ તેમને સમજાયું હતું. અભ્યાસીઓએ કાર્યક્રમ વિશે તેમની ભાવનાઓ દર્શાવી હતી અને આવા કાર્યક્રમો ઓછામાં ઓછું વર્ષમાં બે વાર કરવા માટે વિનંતી કરી હતી.





## સંયુકત ચર્ચા – નીવેલી હબ , તમિલનાડુ



૨૦ માર્ચ પુડુચેરી મુકામે નીવેલી હબ દ્વારા મિલન સમારંભનું આયોજન થયું. લગભગ ૧૦૦ અભ્યાસીઓ પુડુચેરી , કુડાલોર , વિલુપુરમ અને નીવેલીનાં હાજર રહ્યા.

પુંડુચેરી કેન્દ્ર દ્વારા 'ધ્યાનનું મહત્વ', 'પોતાને બદલો'; કુડાલોર કેન્દ્ર દ્વારા 'તમારી જાતને શિસ્તબદ્ધ કરો'; વિલુપુરમ કેન્દ્ર દ્વારા 'નિતીમત્તા અને ચારિત્ર્ય' જેવા વિષયો પર રજૂઆતો થઈ, જે માહિતીપ્રદ હતી, જેથી ભાગ લેનારાઓ વિચારવા પ્રેરાયા હતા. ભાગ લેનારાઓના આદાન-પ્રદાનથી આ સત્ર જીવંત રહ્યું

વિભિન્ન કેંદ્રોમાંથી આવેલ અભ્યાસીઓ માટે એકબીજાની ઓળખ મેળવવા અને ભાઈચારો વિકસાવવા આ સત્ર યાદગાર રહ્યું.

## થિરુ થિરાઈપૂંડી , તમિલનાડું – ધ્યાન હોલનું ઉદઘાટન



ઓકટોબરમાં થિરુ થિરાઈપૂન્ડી મધ્યે ૨૫ અભ્યાસીઓ અભ્યાસમાં જોડાવાથી સહજમાર્ગ માટેનો રસ્તો ખુલ્યો છે. ત્યારથી રવિવારનો સત્સંગ નિયમિતપણે યોજાય છે.

૭ મી માર્ચના રોજ ભાઈ એસ. પ્રકાશ ઝોનલ પ્રભારી એ મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું, ત્યારે ૪૦ અભ્યાસીઓ હાજર હતા. મેડિટેશન હોલ એક અભ્યાસીના ઘરની ઉપર પહેલા માળે આવેલો છે. ૧૩ માર્ચના રોજ એક જાહેર સભાનું આયોજન થયું હતું. અભ્યાસી તથા આસપાસના કેન્દ્રના પ્રશિક્ષકોના પ્રયાસોથી કેન્દ્રનો વિકાસ હૃદયસ્પર્શી રહ્યો છે.



## વિચાર વિનિમય – ટેનકાશી, તમિલનાડુ

૨૭ ફેબ્રુઆરીના રોજ ટેનકાશી કેન્દ્રે યુવાઓ માટે વિચાર ? વિનિમય સત્રનું આયોજન કર્યું. કુલ ૧૧ અભ્યાસીઓ – ૮ ભાઈઓ તથા ૩ બહેનોએ ભાગ લીધો. ચર્ચાનો વિષય હતો 'મિશનના ઉપયોગ દ્વારા આપણો અસરકારક વિકાસ કેવી રીતે કરવો' અભ્યાસીઓ દ્વારા નિયમિત અભ્યાસની અગત્યતા ઉપર ભાર મૂકવામાં આવ્યો કારણકે આ એક જ સંતુલિત અસ્તિત્વ માટેનું આગવું અંગ છે. બધા અભ્યાસીઓનાં યોગદાન દ્વારા ચર્ચા ખૂબ જ અસરકારક રહી.

## કાર્યકારિણી મીટીંગ, ગુજરાત

ઉતર ગુજરાત ઝોન ૬-એ ની કાર્યકારિણીની ૫૦ સભ્યોની વાર્ષિક મિટીંગ તા. ૯ તથા ૧૦ એપ્રિલના રોજ અમદાવાદ ઝોનલ આશ્રમ ખાતે યોજાઈ. આ મિટિંગનો મુખ્ય ઉદ્દેશ્ય ગત વર્ષનું વિહંગાવલોકન તથા ૨૦૧૧-૧૨ ના વરસમાં વિભિન્ન પ્રવૃતિઓનું તથા કેન્દ્રના વિકાસનું આયોજન કરવાનો હતો.




ભાઈશ્રી રાજેશ અગ્રવાલ, ઝોન-ઈન-ચાર્જએ પૂ.માસ્ટરમાં વિશ્વાસ રાખવા પર ભાર મૂકયો અને કહ્યું કે આપણા કાર્યમાં હકારાત્મક અભિગમ અને આત્મવિશ્વાસ દ્વારા જ તે પ્રદર્શિત થશે. પ્રથમ સત્રમાં સેન્ટટર ઈન્ચાર્જો, મેનેજરો, સબ-ઝોનલ કો-ઓર્ડિનેટરો દ્વારા રજૂઆત થઈ. ભાઈશ્રી એ.પી. દુરાઈનાં ગુણવતા અને સમૂહ પરના ઉદબોધન ઉપર અલગ અલગ ગ્રુપ દ્વારા વિસ્તૃત ચર્ચા થઈ.

બીજા દિવસે વિભિન્ન પ્રવૃતિઓનાં કો-ઓર્ડિનેટરો, જેવાં કે નિબંધ હરિફાઈ, પુસ્તકો, વીબીએસઈ, આઈડેન્ટી કાર્ડ, હિસાબો, હોમ ગેધરીંગ, ઓપન હાઉસ, ટ્રેનીંગ, મુદાઓ તથા ઈકોઝ ન્યુઝલેટર દ્વારા વિગતવાર રજૂઆત કરાઈ. તેમણે પોતાના કાર્યની અસરકારક રજૂઆત કરી. દરેક સહભાગીઓને વિવિધ પ્રવૃતિઓ માટે માર્ગદર્શિકા પૂરી પાડવામાં આવી.

ભાઈ અંકિત વ્યાસ અને ભાઈ કેજલ કંસારા દ્વારા સેમિનારનું સંચાલન કરવામાં આવ્યું. રાજેશભાઈએ સમાપન કરતાં દરેકને આવા જ ઉત્સાહથી વર્ષ દરમિયાન કાર્ય કરવા કહ્યું અને તેમણે જણાવ્યું કે પૂરતો ઉત્સાહ સ્વયંસેવકોમાં ફેલાવવો.

# દિવ્ય પ્રકાશનું કેન્દ્ર





સને ૧૯૬૮માં પૂ.બાબુજી મહારાજની મુલાકાત દરમિયાન બીજ રોપાયા પછી છેક ૧૯૭૪ માં આર એસ પુરમમાં એક અભ્યાસીના ઘરે કોઈમ્બતૂર સેન્ટર કાર્યરત થયું. ત્યારબાદ રવિવારનો સત્સંગ ‘ગોલ્ડ મિસ્ટ’ એપાર્ટમેન્ટ્ના ૨૦૦ અભ્યાસીને સમાવી શકે તેવા મોટા ભોંચતળિયામા સ્થળાંતર થયો. ૨૦મી મે, ૧૯૯૧ ના રોજ પૂ. માસ્ટરે તે ધ્યાન કક્ષનું ઉદઘાટન કરેલું. તેમના ઉદઘાટન પ્રવચનમા પૂ.ગુરુજીએ કોઈમ્બતૂર સેન્ટરની ધીમી પ્રગતિ માટે ચિંતા વ્યકત કરી હતી.



પણ, નચિપલ્ચમ ગામ કે જે પલક્કડ્થી એક કલાકના અંતરે અને કેરાલાની પશ્ચિમિ પર્વતમાળામા આવેલ છે, ત્યાં ૩૧ એકર જમીન (તેમાંથી ૧૬ એકર આશ્રમ માટે) ખરીદી ત્યારે હરણફાળ ભરાઈ. આ જમીનની નોંધણી નવેમ્બર ૧, ૨૦૦૦ના રોજ પૂ.માસ્ટરે કરાવી.




એક વિશાળ અને ભવ્ય ધ્યાન ખંડ બાંધવામાં આવ્યો, જેનું ઉદઘાટન પૂ. માસ્ટરે ૫મી જાન્યુઆરી ૨૦૦૭ ના રોજ કર્યું હતુ. આ ધ્યાન ખંડમા ૧૦૦૦ અભ્યાસીને ખંડમાં અને ૫૦૦ અભ્યાસીને પરસાળમાં સહેલાઈથી સમાવી શકવાની ક્ષમતા છે. પૂ. માસ્ટરને તેમની માલમપુઝાની દરેક મુલાકાત વખતે અહીં જતા અને આવતા રોકાણ કરવું ખૂબ ગમે છે. અહીં વિપુલ માત્રામાં ઝાડ ઉગાડવામાં આવેલા છે, જેની સુંદર વૃધ્ધિને કારણે આશ્રમની ચોતરફ આવેલી અભ્યાસી કોલોનીની શોભા વધી છે.



અહીં આપેલા પ્રવચન દરમિયાન તેમણે જણાવેલું કે "સૌથી પહેલાં ગુરુજીને પ્રેમ કરો. પછી ધ્યાન અને સફાઈ કરવી જોઈએ કારણકે બાબુજીએ કહ્યું છે કે તે તમારે કરવાનું છે. પણ મારો અંગત અભિપ્રાય છે કે ધ્યાન આપણને લક્ષ્યપ્રાપ્તિ તરફ નથી દોરી શકતું કારણકે જો આપણે ભારતનો આધ્યાત્મિક ઈતિહાસ જોઈએ, તો એવા ઘણા લોકો થઈ ગયા છે, જેમણે હજારો વર્ષ ધ્યાન કર્યુ છતાં પણ તેઓ કંઈ પામ્યા નથી. મેં પૂ.બાબુજી મહારાજને આ બાબતે પૂછ્યું હતું. તેમણે કહ્યું હતું કે ‘હા, તું સાચો છું.’ તો મેં કહ્યું કે જો તમે આ જાણો છો, તો પછી તમે ધ્યાન, સફાઈ જેવા ઉપાયો શા માટે બતાવો છો? તેમણે કહ્યું કે, ‘આજ્ઞાપાલન. લોકોમાં આજ્ઞાપાલનની વૃત્તિ કેળવવા.’ "

૨૫ અભ્યાસીની સામાન્ય શરૂઆતથી આજે સેન્ટરમાં ૪૫૦ અભ્યાસીઓ છે અને બુધવારનો સત્સગં ૯ જગ્યાએ થાય છે. વધારાની માળખાકીય જરૂરિયાતરૂપે ડોરમેટરી, છાત્રાલય અને પૂ. માસ્ટરની ઓફિસનું કામ એરણ ઉપર છે. પૂ.માસ્ટરે એક વાર કહ્યું હતું કે અહીં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૦૦૦ અભ્યાસી હોવા જોઈતા હતા.તેથી આશા રાખીએ કે સેન્ટરના અભ્યાસીઓ અને પ્રશિક્ષકોના સંનિષ્ઠ પ્રયાસોથી આ સપનું સાકાર થાય.

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.